# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-09-2026 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## ભારત – બેલ્જિયમ આર્થિક સહયોગ

ભારત અને બેલ્જિયમે ગઇકાલ વેપાર, રોકાણ અને આર્થિક સહયોગને વધુ મજબૂત કરવાની પ્રતિબદ્ધતા દોહરાવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને બેલ્જિયમના પ્રધાનમંત્રી બાર્ટ ડી વીવર વચ્ચેની વાટાઘાટો બાદ જાહેર કરવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં, બંને નેતાઓએ દ્વિપક્ષીય વેપારમાં વિવિધ ક્ષેત્રોની વધતી ભાગીદારીનું સ્વાગત કર્યું હતું. બંને દેશોએ આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને બમણો કરવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કર્યો છે. બંને દેશોએ ફાર્માસ્યુટિકલ્સ, લાઇફ સાયન્સિસ, સેમિકન્ડક્ટર, સંરક્ષણ ઉત્પાદન, નિર્ણાયક ખનિજો, અક્ષય ઊર્જા , બંદરો, લોજિસ્ટિક્સ, સ્પેસ અને અદ્યતન ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં વ્યાપક સહયોગની શક્યતાઓ ઓળખી છે.

-------------------------------------------------------------------------------------------

## CM- મુંબઇ વિઝિટ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહારાષ્ટ્રના પાટનગર મુંબઈમાં વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલન 2027ને અનુલક્ષીને ઉદ્યોગજગતના વિવિધ ઉદ્યોગપતિઓ સાથે વનટૂવન બેઠક યોજી. આ પ્રસંગે તેમણે અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે મુલાકાત દરમિયાન રોકાણ વિસ્તરણ અને આર્થિક સહયોગ અંગે ચર્ચા કરી. મુખ્યમંત્રીએ રાજ્યના મજબૂત માળખાકીય સુવિધાઓ અને રોકાણકારોને અનુકૂળ નીતિઓ પર પ્રકાશ

પાડીને ગુજરાતના વિકાસમાં ભાગીદાર બનવા ટોચના નિગમોને હાકલ કરી. આવતા વર્ષે જાન્યુઆરીમાં યોજાનારા વાઇબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલન પહેલા આ રોડ શૉનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

--------------------------------------------------------------------------------

## જન્માષ્ટમી પર્વ

જન્માષ્ટમીના મહાપર્વની ઉજવણી પહેલા જ દ્વારકામાં ભક્તિનો માહોલ જામ્યો છે. ભગવાન શ્રીકૃષ્ણના જન્મસ્થળ દ્વારકામાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે, આજે થનારા કૃષ્ણજન્મોત્સવની સૌ ભક્તો આતુરતા પુર્વક અને ઉત્સાહપુર્વક રાહ જોઈ રહ્યા છે.

પૂર્ણ પુરુષોતમ ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવ પર્વ જન્માષ્ટમીની આજે સમગ્ર રાજ્યની સાથે જિલ્લામાં ધાર્મિક શ્રદ્ધા સાથે ઉજવણી થઈ રહી છે. વિવિધ મંદિરોમાં વહેલી સવાર થી જ ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ભુજમાં આજે બપોરે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા શિરોમણી રાયજીનાં મંદિરેથી શોભા યાત્રા નીકળશે. સાંસદ વિનોદ ચાવડા અને અન્ય અગ્રણીઓ યાત્રાને પ્રસ્થાન કરાવશે માર્ગમાં ઠેર ઠેર મટકી ફોડના કાર્યક્રમો યોજાશે. મધ્ય રાત્રે બાર વાગ્યે ભુજના દ્વારકાધીશ મંદિર તેમજ અન્ય મંદિરોમાં ધામધૂમ થી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી થશે. દરમ્યાન ભુજમાં હમીરસરના કિનારે ભરાયેલ મેળામાં મોટી જનમેદની ઉમટી પડશે. ગઈકાલે મેળામાં લોકોએ ઉલ્લાસભેર ભાગ લીધો હતો.

--------------------------------------------------------------------------------

## વ્યસન મુક્તિ અપીલ

રાજ્ય સરકારના ગૃહ વિભાગના નશાબંધી અને આબકારી વિભાગ તથા પશ્ચિમ કચ્છ જિલ્લા હોમગાર્ડ, ભુજ - કચ્છ ના સંયુક્ત ઉપક્રમે વ્યસન મુક્તિ જનજાગૃતિ અભિયાન હેઠળ દર વર્ષની જેમ આ વર્ષે પણ ભુજના હમીસર કાંઠે યોજવામાં આવેલ સાતમ આઠમના મેળામાં લોકોને વ્યસન મુક્તિ માટે અપીલ કરવામાં આવી હતી. આ પ્રસંગે સાંસદ વિનોદ ચાવડા તથા ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ સહિતના પદાધિકારી, ચૂંટાયેલા પ્રતિનિધિ અને સામાજિક અગ્રણીઓ જોડાયા હતા.

---------------------------------------------------------------------------------------

## ઔષધ નિયમન તંત્ર તપાસ

રાજ્ય સરકારના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા હાથ ધરાયેલી ખાદ્ય સુરક્ષા ઝુંબેશ અંતર્ગત ભુજમાં હમીસર તળાવ પાસે યોજાયેલા લોકમેળામાં ઔષધ નિયમનની સંયુક્ત ટીમ દ્વારા હમીરસર તળાવ ખાતેના લોકમેળામાં રહેલ ફૂડ સ્ટોલ,પાણી પૂરીની લારીઓ તેમજ અન્ય લારી ગલ્લાઓની અચાનક સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

તપાસ દરમિયાન ૧૭ કિગ્રા બગડેલા બટાટા આશરે ૨ લિટર જેટલો ફૂડ કલર તથા ન્યૂઝ પેપરનાના જથ્થાનો સ્થળ નાશ કરાયો તેમજ ધંધાર્થીઓને ટોપી હાથ મોજા તેમજ એપરોન પહેરવાની તેમજ સ્વચ્છતા જાળવવા માટેની કડક સૂચના આપવામાં આવી હતી. તંત્રની ટીમ દ્વારા કુલ ૪૯ જેટલા ધંધાર્થીઓની તપાસ કરવામાં આવી  હતી. આગામી દિવસોમાં પણ મેળા દરમિયાન આવી ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

## રગ્બીમાં પસંદગી

જિલ્લાના ખેલાડી નમ્રતા ભુડિયાની ભારતીય અંડર-18 ગર્લ્સ રગ્બી ટીમમાં પસંદગી થઈ. આ સિદ્ધિ સાથે નમ્રતા આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરનારાં રાજ્યનાં પ્રથમ રગ્બી ખેલાડી બની ગયાં છે. તેઓ આગામી પાંચ અને છ સપ્ટેમ્બરે ચીનમાં યોજાનારી એશિયા રગ્બી એમિરાટ્સ અંડર-18 સેવન્સ 2026 આંતરરાષ્ટ્રીય રગ્બી સ્પર્ધામાં ભારતીય ટીમ તરફથી મેદાનમાં ઉતરશે.

નમ્રતા ભુડિયાએ તાજેતરમાં હૈદરાબાદમાં યોજાયેલી અંડર-19 ઇન્ડિયન નેશનલ રગ્બી સ્પર્ધામાં સર્વોચ્ચ સ્કોરરનું બહુમાન મેળવ્યું હતું. તેમણે ગુજરાતની જુનિયર ગર્લ્સ અને સિનિયર વિમેન્સ રગ્બી ટીમનું સફળતાપૂર્વક સુકાની તરીકે નેતૃત્વ પણ કર્યું છે.

**---------------------------------------------------------------------------------**

## <u>ક્રિકેટ – એશિયા કપ</u>

એશિયા કપ મહિલા ટીમ ભારત નો હોંગ કોંગ સામે 137 રને વિજય થયો હતો. દુબઈ ઇન્ટરનેશનલ સ્ટેડિયમમાં હોંગકોંગે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. ભારતીય ટીમે પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં 5 વિકેટે 193 રન બનાવ્યા હતા. જેમાં સ્મૃતિ મંધનાના 124 રન હતા જવાબમાં હોંગકોંગ 16.2 ઓવરમાં 56 રન પર ઓલઆઉટ થઈ ગયું હતું. ટીમ ઇન્ડિયા તરફથી દીપ્તિ શર્માએ 3 વિકેટ ઝડપી હતી. તે વિમેન્સ ટી-20 ઇન્ટરનેશનલમાં સૌથી વધુ વિકેટ લેનારી બોલર બની હતી.

**---------------------------------------------------------------------------------**